દિવ્યાંગ વ્યક્તિઓના કુટુંબીજનોને વીમા
સહાય યોજના આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/DPC/e-file/17/2023/1558/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૫/૨૦૨૬.
05 MAY 2026

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/03/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ-૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૦૨/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૦૮/૨૬/છ-૧.

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૬/૨૮૬૭૮૯/છ.૧.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૮/૭૦૪૭૬૨/છ-૧.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૦/૦૧/૨૦૨૩નો પત્ર નં.DSD/DIA/e-file/226/2022/0948/APG Branch.

આમુખ-

વંચાણે લીઘેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી જે દિવ્યાંગ વ્યક્તિઓની વાર્ષિક આવક રૂ.૧.૦૦ લાખથી વધતી ન હોય તેવી દિવ્યાંગ વ્યક્તિઓના મૃત્યુ થતા તેના કુટુંબીજનોને વીમા યોજનાનો લાભ આપવાનુ ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી આ યોજનાની આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (3) પરના ઠરાવથી આ યોજનાની આવક મર્યાદા રૂ.૬.૦૦ લાખ કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના ઠરાવથી આ યોજનામાં ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા અને સમાજ સુરક્ષા ખાતાનું ઓળખકાર્ડ ધરાવતા દિવ્યાંગજનને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે, તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. દિવ્યાંગોના બહોળા સમુદાયને લાભ આપી શકાય તે હેતુથી વિમા સહાય યોજનાની વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ દૂર કરવાની મંજુરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક (૫)ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે દિવ્યાંગો માટે જૂથ અકસ્માત યોજનામાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ દૂર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

દિવ્યાંગ વિમા યોજનાની બાકીની શરતો/ધોરણો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ તેઓના તા.૧૮/૦૮/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક :- FD/GAI/e-file/4/2025/0823/N (Inst. Finance)ની જોગવાઇ નં.૧૧ માં સુધારો કરવા વિનંતી સહ.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/છ-૨ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.